# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G20 સમિટમાં વૈશ્વિક વિકાસના માપદંડો પર ઊંડાણપૂર્વક પુનર્વિચાર કરવા હાકલ કરી

2) તેલંગાણામાં પ્રતિબંધિત - માઓવાદી જૂથના 37 સભ્યોએ આત્મસમર્પણ કર્યું.

3) કેન્દ્ર સરકારે ચાર નવી શ્રમસંહિતાનો અમલ લાગુ કરતાં ઉદ્યોગ જગતના વિવિધ પ્રતિનિધિઓએ શ્રમ સંહિતાની પ્રશંસા કરી

4) દિલ્હી પોલીસે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી સાથે જોડાયેલા આંતરરાષ્ટ્રીય હથિયારોની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો

5) ગુવાહાટીમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ભારત સામે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દિવસની મેચ પૂર્ણ થતાં છ વિકેટ 247 રન બનાવ્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI – G20 ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વિકાસના માપદંડો પર ઊંડાણપૂર્વક પુનર્વિચાર કરવા હાકલ કરી છે. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં G20 નેતાઓની સમિટના પ્રથમ સત્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે G20 એ વૈશ્વિક નાણાં અને વિકાસને આકાર આપ્યો છે, પરંતુ વર્તમાન મોડેલે મોટી વસ્તીને સંસાધનોથી વંચિત રાખી છે . તેમણે કહ્યું કે આનાથી પ્રકૃતિનું વધુ પડતું દોહન થયું છે, જેની અસરો ખાસ કરીને આફ્રિકામાં દેખાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી દિલ્હીમાં યોજાયેલી G20 સમિટ દરમિયાન લેવામાં આવેલા ઘણા ઐતિહાસિક નિર્ણયોને આગળ ધપાવવામાં આવ્યા છે . શ્રી મોદીએ કુશળ સ્થળાંતર, પર્યટન, ખાદ્ય સુરક્ષા, કૃત્રિમ બુદ્ધિમત્તા, ડિજિટલ અર્થતંત્ર, નવીનતા અને મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિના પ્રયાસોની પ્રશંસા કરી.

શ્રી મોદીએ ભારતની સભ્યતા જ્ઞાન પરંપરા પર આધારિત 'સમગ્ર માનવતાવાદ' વિભાવનાનો ઉલ્લેખ કર્યો , જે વિકાસ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન જાળ વવાનો માર્ગ બતાવે છે. તેમણે પોતાના સંબોધનમાં "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" ના વિઝનને મૂર્તિમંત કરતા ચાર મુખ્ય પ્રસ્તાવો પણ રજૂ કર્યા.

શ્રી મોદીએ G20 હેઠળ પરંપરાગત જ્ઞાનનો વૈશ્વિક ભંડાર સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ G20 આફ્રિકા-કૌશલ્ય પહેલનો પણ પ્રસ્તાવ મૂક્યો. કેફી દ્રવ્યોના દુરુપયોગના વધતા પડકાર સામે, ખાસ કરીને ફેન્ટાનાઇલ જેવા ખતરનાક પદાર્થોના ફેલાવાને રોકવા માટે, પ્રધાનમંત્રીએ ડ્રગ-આતંકવાદી જોડાણનો સામનો કરવા માટે G20 પહેલનો પણ પ્રસ્તાવ મૂક્યો . શ્રી મોદીએ સભ્ય દેશોને ડ્રગ-આતંકવાદી અર્થતંત્રને નબળા પાડવા માટે એક થવા અપીલ પણ કરી.

આફ્રિકામાં આ પહેલી વાર G20 સમિટ યોજાઈ રહી છે.

. . . . . . . .

# PM MEET

જોહાનિસબર્ગમાં G-20 સમિટ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બ્રિટનનાં પ્રધાનમંત્રી કીર સ્ટારમર સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે જોહાનિસબર્ગમાં પ્રધાનમંત્રી કીર સ્ટારમરને મળીને તેમને ખૂબ આનંદ થયો. તેમણે કહ્યું કે આ વર્ષે ભારત -બ્રિટન ભાગીદારીમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને બંને દેશો વિવિધ ક્ષેત્રોમાં તેને આગળ વધારવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રીએ સમિટ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે ફળદાયી ચર્ચા પણ કરી.

. . . . . . . . . . . . .

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે સરકાર લોકોના જીવનને સુધારવા માટે અનેક પગલાં લઈ રહી છે. તેમણે ભાર મૂક્યો હતો કે લોકોની કુશળતા અને ક્ષમતાઓનો ઉપયોગ રાષ્ટ્રીય વિકાસ માટે થવો જોઈએ. રાષ્ટ્રપતિએ આજે આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં પ્રશાંતી નિલયમ ખાતે શ્રી સત્ય સાંઈ બાબાની શતાબ્દી નિમિત્તે એક ખાસ સત્રને સંબોધિત કર્યું. તેમણે સાઈ કુલવંત હોલમાં શ્રી સત્ય સાંઈ બાબાને શ્રદ્ધાંજલિ આપી.

રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે આધ્યાત્મિક સંગઠનો , સ્વૈચ્છિક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર અને નાગરિકોના સામૂહિક પ્રયાસો દ્વારા , ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત થઈ શકે છે.

(બાઈટ – રાષ્ટ્રપતિ મુર્મુ)

. . . . . . . . . . . .

# LABOUR CODE REACTION

કેન્દ્ર સરકારે ગઈકાલે ચાર નવી શ્રમસંહિતાનો અમલ લાગુ કરતાં ઉદ્યોગ જગતના વિવિધ પ્રતિનિધિઓએ શ્રમ સંહિતાની પ્રશંસા કરી છે અને કહ્યું કે તે અર્થતંત્ર માટે જરૂરી છે. સાંભળીએ એક અહેવાલ....

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

ભારતીય મજૂર સંઘ ે ચાર નવા શ્રમ સંહિતા અમલમાં મૂકવાનું સ્વાગત કર્યું. મજૂર સંઘના રાષ્ટ્રીય સચિવ ગિરીશ આર્યએ જણાવ્યું કે, આ સ્વતંત્રતા પછી કામદારોના પક્ષમાં સૌથી મોટો સુધારો છે . આનાથી કામદારો સશક્ત બનશે અને અમલ સરળ બનશે.

ભારતીય વેપાર સંગઠનોના રાષ્ટ્રીય મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. દીપક જયસ્વાલે કહ્યું કે, અસંગઠિત ક્ષેત્રમાં આશરે 50 કરોડ લોકો કાર્યરત છે, નવા શ્રમ સંહિતાનો અમલ હવે તેમના લઘુત્તમ વેતનને સંપૂર્ણપણે સુનિશ્ચિત કરશે. મહિલાઓ માટે સમાન કામ માટે સમાન વેતનની જોગવાઈ પણ છે.

નવા શ્રમ સંહિતાનું સ્વાગત કરતા , નેસકોમે કહ્યું કે, તેની મુખ્ય જોગવાઈઓ ભારતના શ્રમ સુધારા માં એક મહત્વપૂર્ણ પગલું છે . વેતન, સલામતી અને સામાજિક સુરક્ષા પર વધુ સ્પષ્ટતા મજબૂત કાર્યબળ બનાવવામાં મદદ કરશે . ઉદ્યોગોને વિશ્વાસ સાથે આ પરિવર્તનને સ્વીકારવામાં મદદ કરવા માટે તમામ હિતધારકો સાથે નજીકથી કામ કરશે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . . . . . .

# TELANGNA MOIST

તેલંગાણામાં પ્રતિબંધિત સીપીઆઈ -માઓવાદી જૂથના 37 સભ્યોએ આજે હૈદરાબાદમાં આત્મસમર્પણ કર્યું. તેમાં ત્રણ વરિષ્ઠ રાજ્ય સમિતિના સભ્યો અને 25 મહિલાઓનો સમાવેશ થાય છે . માઓવાદીઓએ તેલંગાણાના પોલીસ મહાનિર્દેશક બી. શિવધર રેડ્ડી સમક્ષ પોતાના શસ્ત્રો સાથે આત્મસમર્પણ કર્યું.

પોલીસ મહાનિર્દેશકે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્ય સરકારની પહેલથી પ્રેરિત થઈને, આ સભ્યોએ હિંસાનો ત્યાગ કરીને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાનો નિર્ણય લીધો છે. આત્મસમર્પણ કરાયેલા રાજ્ય સમિતિના સભ્યોને સહાય તરીકે 20 લાખ રૂપિયા આપવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI POLICE

દિલ્હી પોલીસે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે જોડાયેલા આંતરરાષ્ટ્રીય હથિયારોની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે . આ સંદર્ભમાં ચાર શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે.

દિલ્હી પોલીસની ગુનાશોધક શાખાએ આ કાર્યવાહીમાં, દસ અત્યાધુનિક પિસ્તોલ જપ્ત કરી છે , જેમાંથી પાંચ તુર્કી માં બનેલી હતી અને ત્રણ ચીની બનાવટની હતી . સંયુક્ત પોલીસ કમિશનર સુરેન્દ્ર કુમારે આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આ ગેંગ અત્યાધુનિક વિદેશી પિસ્તોલની દાણચોરી કરવા માટે પાકિસ્તાનથી ડ્રોનનો ઉપયોગ કરતી હતી.

. . . . . . . . . . . . .

# CRICKET

ગુવાહાટીમાં રમાઈ રહેલી ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચમાં પ્રથમ દિવસે મેચ પૂર્ણ થતાં દક્ષિણ આફ્રિકાએ છ વિકેટ ગુમાવીને 247 રન કર્યાં.

અગાઉ, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યજમાન ટીમ તરફથી કુલદીપ યાદવે ત્રણ વિકેટ લીધી છે જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ એક-એક વિકેટ લીધી હતી.

આ અગાઉ પ્રથમ ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 30 રનથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# IFFI - GOA

ભારતના 56મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના ભાગરૂપે , કેન્દ્રીય સંચાર બ્યુરોએ દેશભરના 16 રાજ્યોના લોક કલા પ્રદર્શનોને ફિક્કીના સ્થળ પર લાવ્યા છે. લોક કલાકારો પ્રદર્શન વિસ્તારમાં તેમના પરંપરાગત નૃત્ય અને સાંસ્કૃતિક પ્રદર્શન રજૂ કરી રહ્યા છે , જે પ્રેક્ષકોને દેશના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાની ઝલક આપે છે.

આજે, હિમાચલ પ્રદેશ , તમિલનાડુ અને જમ્મુ અને કાશ્મીરના કલાકારોએ તેમના રંગબેરંગી લોક નૃત્ય પ્રદર્શનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા.

. . . . . . . . . .

# NCC DAY

સરકાર રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (NCC) ની સંખ્યા 17 લાખથી વધારીને 20 લાખ કરશે. રાષ્ટ્રીય વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષામાં NCC નું યોગદાન અંગે વિવિધ કાર્યક્રમોમાં તેની ભૂમિકાને વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે . સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે 78મા NCC દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરતી વખતે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે યુવાનો દેશની પ્રગતિમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ આવતીકાલે દેશભરમાં અનેક કાર્યક્રમો સાથે તેનો 78મો સ્થાપના દિવસ ઉજવશે. NCC ના ડિરેક્ટર જનરલ લેફ્ટનન્ટ જનરલ વીરેન્દ્ર વત્સે જણાવ્યું હતું કે NCC દેશભરના 700 થી વધુ જિલ્લાઓમાં સેવા કરે છે અને તેના 40 ટકા કેડેટ્સ મહિલાઓ છે.

. . . . . . . . . .

# FACT CHECK

પાકિસ્તાની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતા નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કે.જે.એસ. ઢિલ્લોનના ડિજિટલી બનાવેલા વીડિયોનું સરકારે ખંડન કર્યું છે . વીડિયોમાં લેફ્ટનન્ટ જનરલ ઢિલ્લોન દાવો કરે છે કે લેફ્ટનન્ટ જનરલ વી .કે. સિંહે દુબઈ એર શોમાં તેજસ વિમાન તૂટી પડ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ ચેક યુનિ ટે જણાવ્યું હતું કે નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ઢિલ્લોનએ આવું કોઈ નિવેદન આપ્યું નથી. આ વાયરલ વીડિયો ખોટી માહિતી ફેલાવવાના ઈરાદાથી કૃત્રિમ બુદ્ધિમત્તા - AI દ્વારા બનાવવામાં આવ્યો હતો.

PIB એ નાગરિકોને ખોટી અને ભ્રામક સામગ્રી નું પ્રચાર-પ્રસાર ન કરવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . .

# DELHI POLICE INVESTIGATION

સાયબર ગુના સામેના ખાસ કામગીરી માં દિલ્હી પોલીસે દક્ષિણ -પશ્ચિમ દિલ્હીમાંથી 42 લોકોની ધરપકડ કરી છે . તેમના પર અનેક આંતરરાજ્ય છેતરપિંડીમાં સંડોવણીના આરોપ છે. આરોપીઓએ 254 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી . દક્ષિણપશ્ચિમ દિલ્હીના નાયબ પોલીસ કમિશનર અમિત ગોયલે જણાવ્યું હતું કે ઓપરેશન સાયહોક હેઠળ કરવામાં આવેલા દરોડા દરમિયાન આ ધરપકડ કરવામાં આવી હતી . આ સંદર્ભમાં 23 ફરિયાદ નોંધવામાં આવી છે.

દરોડાઓ દરમિયાન, ત્રણ લેપટોપ, બે કમ્પ્યુટર સિસ્ટમ, 43 મોબાઇલ ફોન, 17 પાસબુક, 14 ડેબિટ કાર્ડ અને દોઢ લાખ રૂપિયાથી વધુ રોકડ મળી આવી હતી.

. . . . . . . . . . .